GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

# અમદાવાદ જિલ્લાના વાલીઓના શિક્ષણના માધ્યમ પરત્વેના વલણનો અભ્યાસ

**Research Scholar: Ms. Purvi A. Gajjar**

**Guide: Prof. (Dr.) P. M. Malek**

## સારાંશ

પ્રસ્તુત સંશોધન માં સંશોધક દ્વારા અમદાવાદ જિલ્લા ના વાલી ઓ નો તેમના બાળકો ના શિક્ષણ ના માધ્યમ ના વલણ પરત્વે નો અભ્યાસ કરવા માં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધક દ્વારા સ્વરચિત માપદંડ ના વલણ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન માં ૬ વર્ષ થી નીચેની વય ના બાળકો ના માતા-પિતા ને વાલી તરીકે ગણવા માં આવેલા છે. પ્રસ્તુત અભ્યાસ માં સ્વતંત્ર ચલ તરીકે માધ્યમ અને વિસ્તાર ને લેવા માં આવેલ છે. કુલ ૧૦૦ વાલી ઓ પાસે થી વલણ માપદંડ નો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવેલી હતી. પ્રસ્તુત અભ્યાસ માં ૪ ઉત્કલ્પનાઓ ની રચના કરવામાં આવી છે. પ્રસ્તુત અભ્યાસ માં મળેલી આંકડાકીય માહિતી નું વલણ જાણવા માટે t-test આંકડાકીય પ્રયુક્તિ નો ઉપયોગ કરવામાં આવેલો છે. સંશોધન ના પરિણામ માં જાણવા મળેલું છે કે વાલી ઓ ના માધ્યમ અને વિસ્તાર ને ધ્યાન માં રાખતા તેમના વલણ માં કોઈ તફાવત જોવા મળતો નથી.

## પ્રસ્તાવના :

મનુષ્ય ના જીવન માં શિક્ષણ એ ખુબ જ અગત્ય નો ભાગ ભજવે છે. મનુષ્ય જીવન નું ઘડતર શિક્ષણ દ્વારા જ શક્ય બને છે. ભારત માં શિક્ષણ આપવા ની શરૂઆત સંસ્કૃત ભાષા થી થઇ હતી. સમય બદલાતા નવીન ભાષા ઓ ની શોધ થયા પછી વિવિધ માધ્યમો માં શિક્ષણ આપવા ની પ્રણાલી ની શરૂઆત થઈ. ભારત માં શિક્ષણ નું મહત્વ ખુબ જ આગવું છે. વિશ્વ માં શિક્ષણ ની દ્રષ્ટિ એ ભારત નું સ્થાન મોખરે હતું, પરંતુ ઈ.સ. 1947 પહેલ આશરે ૨૦૦ વર્ષ સુધી અંગ્રેજો એ શાસન કર્યું હતું. અંગ્રેજો ની મુખ્ય ભાષા અંગ્રેજી હોવાથી તેઓ દ્વારા અંગ્રેજી ભાષા માં શિક્ષણ આપવા ની શરૂઆત કરવામાં આવી.

બાળકો ને અંગ્રેજી ભાષા માં ભણાવવાનો સિલસિલો ૧૯મી સદી થી શરુ થયો હતો, પરંતુ છેલ્લા ૨ દાયકા થી એટલે કે ૨૧મી સદી ની શરૂઆત થી ભારત ના દરેક રાજ્યો માં બાળકો ના માતા-પિતા એવું માનતા થઇ ગયા છે કે જાણે ભણતર તો અંગ્રેજી માધ્યમ માં જ બાળકો ને આપવું જોઈએ અને આનું પરિણામ એ આવી રહ્યું છે કે

દરેક રાજ્ય ની પ્રાદેશિક ભાષા નું મહત્વ ઘટતું જાય છે જેના કારણે ચોક્કસ થી એવું અનુમાન કરી શકાય કે ભવિષ્ય ના ૩ દાયકા માં તો કદાચ ભારતીય મૂળ ની ઘણી બધી ભાષા ઓ કદાચ લુપ્ત થઈ જશે. ઘણી ભાષા ઓ નું તો અસ્તિત્વ જ નહિ રહે કારણ કે લુપ્ત થતી ભાષા ઓ ને બોલવા, લખવા, સાંભળવા કે સમજવા વાળા નાગરિકો નો વર્ગ ઘટતો જશે, આથી સંશોધક ને ધ્યાન માં આવ્યું કે આવા કોઈ માધ્યમ ને લગતા વિષય પર સંશોધન કરી શકાય. વાલી ઓ માં પોતાના બાળક ને અંગ્રેજી માધ્યમ માં જ અભ્યાસ કરાવવાની ચાહના કેમ વધતી જાય છે? આવા પ્રશ્ન ના જવાબ ની શોધ માટે સંશોધક દ્વારા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## સંશોધન ના હેતુઓ:

પ્રસ્તુત સંશોધન ના હેતુ ઓ નીચે મુજબ છે.

૧) વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે નો અભ્યાસ કરવા વલણ માપદંડ ની રચના કરવી.

૨) વાલી ઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વેના વલણ ની કક્ષા નક્કી કરવી.

૩) વાલી ઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વેના વલણો નો અભ્યાસ ના માધ્યમ ના સંદર્ભ માં અભ્યાસ કરવો.

૪) વાલી ઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વેના વલણો નો વિસ્તાર ના માધ્યમ ના સંદર્ભ માં અભ્યાસ કરવો.

## સંશોધન ના સમાવિષ્ટ ચલો:

પ્રસ્તુત સંશોધન ના ચલો નીચે મુજબ છે.

**૧) સ્વતંત્ર ચલ :**

માધ્યમ : ગુજરાતી

અંગ્રેજી

વિસ્તાર : પૂર્વ અમદાવાદ

પશ્ચિમ અમદાવાદ

**૨) પરતંત્ર ચલ:**

અભ્યાસ પ્રત્યે ના વલણાંકો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

## સંશોધન ની ઉત્કલ્પનાઓ :

પ્રસ્તુત સંશોધન ની ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે.

$H_{O1}$ વાલી ઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો નો માધ્યમ ના સંદર્ભ માં સાર્થક તફાવત નહિ હોય.

$H_{O2}$ વાલી ઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો નો વિસ્તાર ના સંદર્ભ માં સાર્થક તફાવત નહિ હોય.

$H_{O3}$ પૂર્વ અમદાવાદ ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને પૂર્વ અમદાવાદ ના અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો માં સાર્થક તફાવત નહિ હોય.

$H_{O4}$ પશ્ચિમ અમદાવાદ ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને પશ્ચિમ અમદાવાદ ના અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો માં સાર્થક તફાવત નહિ હોય.

## સંશોધન પદ્ધતિ:

સંશોધન પદ્ધતિ એ સંશોધન પ્રક્રિયા નો એક આવશ્યક ભાગ છે. સંશોધન સમસ્યા નું ચોકસાઈ પૂર્વક સ્પષ્ટીકરણ થઇ ગયા બાદ સંશોધક અભ્યાસ ના હેતુ ઓ ને અનુરૂપ માહિતી મેળવવાના સંદર્ભ માં વિશિષ્ટ કાર્યો કરે છે જેને સંશોધન પદ્ધતિ કહી શકાય.

પ્રસ્તુત અભ્યાસ માં વાલીઓ પોતાના બાળકો ને કયા માધ્યમ માં મૂકે છે અને તે માધ્યમ માં મુકવાનું વલણ કેમ વધી રહ્યું છે તે જાણવાનું હોવાથી પ્રસ્તુત અભ્યાસ માં સંશોધકે સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ નો ઉપયોગ કરેલ છે, કારણકે સર્વેક્ષણ માં પ્રવર્તમાન પરિસ્થિતિઓ ગહનતા થી ચકાસી ને, માહિતીઓ એકઠી કરીને તેનું વિશ્લેષણ કરવા માં આવે છે, અને તે દ્વારા પ્રવર્તમાન સ્થિતિ કેટલા અંશે ઉચિત છે તેને ચકાસવા માં આવે છે, તેથી આ પદ્ધતિ પસંદ કરી છે.

## અભ્યાસ નો નમૂનો:

પ્રસ્તુત અભ્યાસ માં સ્તરીકૃત યાદ્રચ્છીક નિદર્શ પદ્ધતિ ની પુરવણી રહિત ચિઠ્ઠી ઉપાડ પ્રયુક્તિ નો ઉપયોગ કરવા માં આવ્યો છે. અમદાવાદ જિલ્લા માં થી ૧૦૦ વાલીઓ ની માહિતી નિદર્શ તરીકે લેવામાં આવી છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

નિદર્શ ના પાત્રો ની માધ્યમ અને વિસ્તાર દર્શાવતી સારણી.

| અભ્યાસ નું માધ્યમ | વિસ્તાર | | કુલ |
|---|---|---|---|
| | પૂર્વ અમદાવાદ | પશ્ચિમ અમદાવાદ | |
| ગુજરાતી | 25 | 25 | 50 |
| અંગ્રેજી | 25 | 25 | 50 |
| કુલ | 50 | 50 | 100 |

પ્રસ્તુત સંશોધન માં કુલ ૧૦૦ વાલીઓ ની માહિતી નમૂના તરીકે લેવામાં આવી છે જેમાં પૂર્વ અમદાવાદ માં થી ૫૦ વાલી ઓ અને પશ્ચિમ અમદાવાદ માં થી ૫૦ વાલીઓ લેવામાં આવ્યા છે. પૂર્વ અને પશ્ચિમ બંનેય વિસ્તાર માંથી ૨૫ વાલીઓ અંગ્રેજી અને ૨૫ વાલીઓ ગુજરાતી માધ્યમ ના લેવામાં આવ્યા છે.

## સંશોધન ઉપકરણ:

પ્રસ્તુત સંશોધન માટે સંશોધક દ્વારા સ્વરચિત વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે નું વલણ માપદંડ તૈયાર કરવામાં આવ્યું છે. આ વલણ માપદંડનું પ્રમાણીકરણ કરવામાં આવેલ છે. અંતિમ તૈયાર કરેલ વલણ માપદંડ માં ૨૫ વિધેયાત્મક અને ૨૫ નિષેધાત્મક વિશેષણો યાદ્રચ્છીક પદ્ધતિ થી ગોઠવવામાં આવ્યા છે. આ બંનેય પ્રકાર ના વિધાનો ના જવાબ આપવા માટે પંચબિંદુક્રમ માપદંડ ની રચના કરવામાં આવી છે. દરેક વિધાન ના પાંચ માર્ક રાખવામાં આવ્યા છે. આમ કુલ વલણ માપદંડ નો કુલ ભારાંક ૨૫૦ માર્ક્સ નો રાખવામાં આવ્યો છે.

## માહિતી એકત્રીકરણ ની પ્રવિધિ

પ્રસ્તુત સંશોધન માં માહિતી નું એકત્રીકરણ કરવા માટે અમદાવાદ જિલ્લા ની પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર ની શાળા ઓ ની અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ ની શાળા ઓ ની માહિતી મેળવવા માં આવી. શાળા ના આચાર્યો પાસેથી મંજૂરી લેવામાં આવી. ત્યારબાદ વાલીઓ ને વલણ માપદંડ વિષે માહિતી આપવામાં આવી. વલણ માપદંડ માં વાલીઓ એ પોતાના ઉત્તરો કઈરીતે આપવા તેની સમજ આપવામાં આવી અને અભ્યાસ ના પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

## માહિતી વિશ્લેષણ ની આંકડાકીય પદ્ધતિ

માહિતી  પ્રાપ્ત કર્યા બાદ પ્રાપ્ત થયેલ માહિતી નું યોગ્ય ક્રમ માં વર્ગીકરણ કરવું અને વર્ગીકરણ કરેલી માહિતી નું યોગ્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા વિશ્લેષણ કરવું એ અત્યંત જરૂરી હોય છે કેમ કે માહિતી નું વિશ્લેષણ કાર્ય બાદ જ ઉત્કલ્પના ની ચકાસણી થઇ શકે છે.

પ્રસ્તુત સંશોધન માં માહિતી પ્રાપ્ત કાર્ય બાદ પ્રાપ્ત થયેલ માહિતી ની ચકાસણી કરવા માટે માહિતી નું યોગ્ય ક્રમ અનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું તથા આંકડા શાસ્ત્ર ની પદ્ધતિ ઓ જેવી કે આવૃત્તિ વિત્તરણ, સરાસરી, પ્રમાણ વિચલણ, પ્રમાણ ભૂલ, T ગુણોત્તર નો ઉપયોગ કરી માહિતી નું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## માહિતી નું પેટાવિભાગો મુજબ પૃથક્કરણ:

### – ઉત્કલ્પનાઓ ની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસ માં પસંદ કરેલા સ્વતંત્ર ચલો માં માધ્યમ અને વિસ્તાર ના સંદર્ભ માં અભ્યાસ કરવાનો હોવાથી ઉત્કલ્પના ની ચકાસણી T - Value દ્વારા મેળવેલા પરિણામો ને આધારે કરવામાં આવી છે.

**$H_{01}$ વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો ના માધ્યમ ના સંદર્ભ માં સાર્થક તફાવત નહિ હોય.**

| | ગુજરાતી માધ્યમ | અંગ્રેજી માધ્યમ |
|---|---|---|
| Mean | 205.38 | 202.78 |
| Variance | 439.46 | 487.48 |
| Observations | 50 | 50 |
| Hypothesized Mean Difference | 0 | |
| df | 98 | |
| t Stat | 0.603853 | |
| P (T ≤ t) One - Tail | 0.273668 | |
| t Critical One – Tail | 1.660551 | |
| p (T ≤ t) Two – Tail | 0.547337 | |
| t Critical Two – Tail | 1.984467 | |

ઉપરોક્ત સારણી માં t નું મૂલ્ય ૧.૯૮ છે જયારે T –Stat નું મૂલ્ય ૦.૬૦ છે. t નું મૂલ્ય T –Stat કરતા વધુ હોવાથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. અમદાવાદ શહેર ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

**$H_{02}$ વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો નો વિસ્તાર ના સંદર્ભ માં સાર્થક તફાવત નહિ હોય.**

| | પૂર્વ અમદાવાદ | પશ્ચિમ અમદાવાદ |
|---|---|---|
| Mean | 200.42 | 207.74 |
| Variance | 436.82 | 466.2371 |
| Observations | 50 | 50 |
| Hypothesized Mean Difference | 0 | |
| df | 98 | |
| t Stat | −1.72242 | |
| P (T ≤ t) One - Tail | 0.044074 | |
| t Critical One – Tail | 1.660551 | |
| p (T ≤ t) Two – Tail | 0.088148 | |
| t Critical Two – Tail | 1.984467 | |

ઉપરોક્ત સારણી માં t નું મૂલ્ય ૧.૯૮ છે જયારે T –Stat નું મૂલ્ય –૧.૭૨ છે. t નું મૂલ્ય T –Stat કરતા વધુ હોવાથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. પૂર્વ અમદાવાદ ના વાલીઓ અને પશ્ચિમ અમદાવાદ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વેના વલણો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 1
January-February: 2026

**$H_{03}$ પૂર્વ અમદાવાદ ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને પૂર્વ અમદાવાદ ના અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો માં સાર્થક તફાવત નહિ હોય.**

| | પૂર્વ અમદાવાદ ગુજરાતી માધ્યમ | પૂર્વ અમદાવાદ અંગ્રેજી માધ્યમ |
|---|---|---|
| Mean | 201.12 | 199.72 |
| Variance | 387.44 | 503.3767 |
| Observations | 25 | 25 |
| Hypothesized Mean Difference | 0 | |
| df | 47 | |
| t Stat | 0.234533 | |
| P (T ≤ t) One - Tail | 0.407795 | |
| t Critical One – Tail | 1.677927 | |
| p (T ≤ t) Two – Tail | 0.81559 | |
| t Critical Two – Tail | 2.011741 | |

ઉપરોક્ત સારણી માં t નું મૂલ્ય ૨.૦૧ છે જયારે T –Stat નું મૂલ્ય ૦.૨૩ છે. t નું મૂલ્ય T –Stat કરતા વધુ હોવાથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. પૂર્વ અમદાવાદ ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને પૂર્વ અમદાવાદ ના અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**$H_{04}$: પશ્ચિમ અમદાવાદ ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને પશ્ચિમ અમદાવાદ ના અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો માં સાર્થક તફાવત નહિ હોય.**

| | પશ્ચિમ અમદાવાદ ગુજરાતી માધ્યમ | પશ્ચિમ અમદાવાદ અંગ્રેજી માધ્યમ |
|---|---|---|
| Mean | 209.64 | 205.84 |
| Variance | 471.99 | 472.39 |
| Observations | 25 | 25 |
| Hypothesized Mean Difference | 0 | |
| df | 48 | |
| t Stat | 0.618273 | |
| P (T ≤ t) One - Tail | 0.269659 | |
| t Critical One – Tail | 1.677224 | |
| p (T ≤ t) Two – Tail | 0.539318 | |
| t Critical Two – Tail | 2.010635 | |

ઉપરોક્ત સારણી માં t નું મૂલ્ય ૨.૦૧ છે જ્યારે T –Stat નું મૂલ્ય ૦.61 છે. t નું મૂલ્ય T –Stat કરતા વધુ હોવાથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. પશ્ચિમ અમદાવાદ ના ગુજરાતી માધ્યમ ના વાલીઓ અને પશ્ચિમ અમદાવાદ ના અંગ્રેજી માધ્યમ ના વાલીઓ ના શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણોના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

## નિષ્કર્ષ:

પ્રસ્તુત અભ્યાસ માં અમદાવાદ શહેર ના વાલીઓ નો શિક્ષણ ના માધ્યમ પરત્વે ના વલણો જાણવામાં આવેલ છે. સ્વતંત્ર ચલ તરીકે માધ્યમ અને વિસ્તાર ને લેવામાં આવેલ, વલણ માપદંડ માં મળેલા પ્રાપ્તાંકો પર થી કહી શકાય કે પૂર્વ અમદાવાદ અને પશ્ચિમ અમદાવાદ ના એવા વાલીઓ કે જે પોતાના બાળકો ને ગુજરાતી અથવા અંગ્રેજી માધ્યમ માં અભ્યાસ કરાવે છે તેમના વલણ માં કોઈ તફાવત જોવા મળતો નથી.